# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NARMADA AWARD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , રાજ્ય સરકારે 14 જિલ્લાના આદિજાતિ સમાજના વ્યક્તિગત અને સામુદાયિક લાભ સુનિશ્ચિત કર્યા છે. નર્મદા જિલ્લાના રાજપીપળામાં રત્નસિંહજી મહીડા મેમોરિયલ એવોર્ડ વિતરણ પ્રસંગે શ્રી પટેલે આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું , રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં શિક્ષણની યોજનાઓ માટે વધારા 3 હજાર 300 કરોડ રૂપિયાની ફાળવણી કરાઇ છે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે અંબાજીથી ઉમરગામના આદિવાસીઓના ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે વિકાસના અનેક કામ પાર પાડ્યા છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ)

. . . . . . . . . . . . .

# CGMS EXAM

આજે જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષા યોજાઇ રાજ્યના 2 હજાર 553 પરીક્ષા કેન્દ્રો પર 6 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. બનાસકાંઠા જિલ્લામાં 213 પરીક્ષા કેન્દ્રો પર 41 હજાર 217 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી.

. . . . . . . . . . . . . .

# HANUMAN JANMOTSAV

રાજ્ય સહિત દેશભરમાં ભગવાન હનુમાનજીના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે ભાવિકોનું ઘોડાપુર ઉમટ્યું છે. આ અંગે મંદિરના પૂજારી હરિપ્રકાશ સ્વામીએ વધુ માહિતી આપી.

(બાઇટ: હરીપ્રકાશ સ્વામી – શાસ્ત્રી, સાળંગપુર હનુમાનજી મંદિર )

દરમિયાન, વલસાડ જિલ્લાના હનુમાન મંદિરોમાં પણ હનુમાન જન્મોત્સવ નિમિત્તે અખંડ પાઠ, રામ યજ્ઞ અને ભંડારાનું વિશેષ આયોજન કરાયું છે.

જ્યારે બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ગેળા ખાતે હનુમાનજી મંદિરમાં ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ડાંગ જિલ્લાના ધોધલી, અટાળાધામ તેમજ અંજનકુંડ, આહવા સહિત અનેક મંદિરોમાં યજ્ઞ અને મહાઆરતીનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . . .

# KUMUDINI LAKHIA

જાણીતા ભારતીય કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું આજે વહેલી સવારે 95 વર્ષની વયે અવસાન થયું. તેમને તાજેતરમાં જ પદ્મ વિભૂષણ પુરસ્કાર જાહેર કરાયો હતો. તેમનો જન્મ 17 મે 1930ના રોજ થયો હતો. તેમણે ઈ.સ. 1967માં અમદાવાદમાં કદમ્બ સ્કૂલ ઑફ ડાન્સ એન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી જે ભારતીય નૃત્ય અને સંગીતને સમર્પિત એક સંસ્થા છે. કથક ક્ષેત્રે નવતર પ્રયોગોનો શ્રેય તેમના ફાળે જાય છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લામાં અકસ્માતની વિવિધ બે ઘટનામાં બે વ્યક્તિઓના મોત નીપજયાં છે. ઘોઘંબાના કંકોડાકોઈ ગામ પાસે બાઈક ઝાડ સાથે અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન બાઈકચાલકનું મોત નીપજ્યું હતું. અન્ય એક ઘટનામાં ઘોઘંબાના ભાણપુરા નજીક કાર અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકનું મોત થયું હતું.

. . . . . . . . . . . . .

# CHAITRI POONAM MELO- BAHUCHRAJI

મહેસાણા જિલ્લાના પવિત્ર  યાત્રાધામ બહુચરાજી ખાતે ચૈત્રી મેળાનો આજે છેલ્લો દિવસ છે . આજે ચૈત્રી પૂનમ હોવાથી માઈ ભક્તો પગપાળા તેમજ સંઘો સાથે માં બહુચરના મંદિરે શીશ જુકાવશે . બે દિવસમાં ત્રણ લાખથી વધુ લોકોએ માતાજીના દર્શન કર્યા છે . ચૈત્રી પૂનમને લઈ માતાજીની સવારી રાત્રે બહુચર મંદિર થી શખલપુર જઈને પૂજા અર્ચના બાદ શોભાયાત્રા બહુચરાજી ખાતે પરત ફરશે.

દરમિયાન અંબાજી મંદિરમાં આજે મંગળા આરતી કરવામાં આવી હતી , વહેલી સવારથી માઈ ભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

. . . . . . . . . . . . .

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે બપોરે સાડા ત્રણ વાગે લખનઉમાં ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ સુપર જાયન્ટ્સ સામે થશે , જ્યારે સાંજે સાડા સાત વાગે હૈદરાબાદમાં પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમશે.

દરમ્યાન ગઇકાલે ચેન્નાઈમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................